## શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ
## **સંશોધન સલાહકાર સમિતિની ૨૦મી બેઠકની કાર્યનોંધ**

---

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળની સંશોધન સલાહકાર સમિતિની ૨૦મી બેઠક કરવા અંગે માન.કુલપતિશ્રીનાં ફાઈલ પર મળેલ આદેશ અનુસાર આ સમિતિની બેઠક તા.૦૩/૦૬/૨૦૨૪નાં રોજ સવારે ૧૧:૦૦ કલાકે માન.કુલપતિશ્રીની અધ્યક્ષતામાં સુધર્મા હોલમાં Online/Offline એમ બંને મોડમાં આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચેનાં મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં.

(૧) પ્રો. સુકાન્ત કુમાર સેનાપતિ, માન.કુલપતિશ્રી (રૂબરૂ)
(૨) પ્રો. (ડૉ.) લલિતકુમાર પટેલ, સભ્યશ્રી (Online)
(૩) શ્રી પન્નાલાલ વ્યાસ, સભ્યશ્રી (Online)
(૪) શ્રી અર્જુનકુમાર સામલ, સભ્યશ્રી – અનુપસ્થિત
(૫) ડૉ. નરેન્દ્રકુમાર પંડ્યા, સભ્યશ્રી (Online)
(૬) શ્રી જીતેન્દ્રકુમાર વ્યાસ, સભ્યશ્રી (Online)
(૭) ડૉ. જાનકીશરણ આચાર્ય, સભ્યશ્રી (Online)
(૮) ડૉ. વસુમતીબેન દવે, સભ્યશ્રી (Online)
(૯) ડૉ. બી. ઉમા મહેશ્વરી, આમંત્રીત સભ્યશ્રી (Online)
(૧૦) ડૉ. કાર્તિક પંડ્યા, સભ્યસચિવશ્રી (રૂબરૂ)

બેઠકની શરૂઆતમાં ડૉ. કાર્તિક પંડ્યા દ્વારા સમિતિના તમામ સભ્યશ્રીઓનું સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ, કરેલ અને ચાલી રહેલ કામગીરીનો અહેવાલ ક્રમ નં. (૧) થી (૧૩) પ્રસ્તુત કરીને તેની બહાલી મેળવી. ત્યારબાદ, માન.કુલપતિશ્રીની સહમતિ મેળવી નિયત કરેલા એજન્ડા રજૂ કરેલા હતાં. એજન્ડા મુજબ દરેક વિષય પર વિસ્તૃત ચર્ચા વિચારણા કરી નીચે મુજબનાં નિર્ણય/ભલામણ કરવામાં આવેલ છે.

૧. તા.૦૪-૦૩-૨૦૨૪ના રોજ UGCનો Categorisation of the University under UGC Regulations, 2018 સબબનો Category-II Universityની જાણ કરતાં પત્રની સમિતિએ નોંધ લીધી.

૨. તા.૨૭-૦૩-૨૦૨૪ના રોજ UGCની Public Notice: National Eligibility Test (NET) as an Entrance Test for Admission to Ph.D.ની જાણ કરતાં પત્રની સમિતિએ નોંધ લીધી.

૩. તા.૩૦-૦૩-૨૦૨૪ના રોજ પ્રસિદ્ધ કરેલ Revised Office Order-2 of Recognition of Research Supervisors/Guides (2023-24)ની જાણ કરતાં પત્રની સમિતિએ નોંધ લીધી.

૪. શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળના અનુસ્નાતક વિભાગમાં સાહિત્ય વિષયના આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે કાર્યરત ડૉ. જિગર એમ. ભટ્ટે Seed Grant (Research Project) પૂર્ણ કરીને અત્રે જમા કરાવ્યાની નોંધ લઈને તેનું મૂલ્યાંકન (Evaluation) કરાવવા સમિતિ ભલામણ કરે છે.

SHREE SOMNATH SANSKRIT UNIVERSITY
VERAVAL
*

૫. શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળના અનુસ્નાતક વિભાગમાં દર્શન વિષયના આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે કાર્યરત ડૉ. બી. ઉમા મહેશ્વરીની Seed Grant (Research Project) સબબ Presentationની સમીક્ષા કરી ઉક્ત Seed Grant (Research Project) ફાળવવા સમિતિ ભલામણ કરે છે.

૬. છ-માસિક પ્રગતિ પ્રતિવેદન સમીક્ષા બેઠક (6-Monthly Ph.D. Progress Review Report Meeting) અંતર્ગત પ્રથમ બેઠકમાં અનુપસ્થિત શોધાર્થીઓને દંડાત્મક ફી સાથે બીજી સમીક્ષા બેઠકમાં (સ્મૃતિપત્ર-૧ સાથે) બોલાવવામાં આવે ત્યારે તમામ વિષય/શાસ્ત્રના ૧૫ શોધાર્થીઓની મર્યાદામાં એકસાથે/સંયુક્તપણે બોલાવી બેઠકનું આયોજન એક દિવસ દરમ્યાન કરવા સમિતિ ભલામણ કરે છે.

૭. 8 Credits/20 Daysના Ph.D. Course Workનું આયોજન બે તબક્કામાં કરવું તેમજ Ph.D. Course Workમાં ગુણવત્તાયુક્ત સંશોધન વિષયક અધ્યાપન થાય તે માટે પ્રતિદિન 3 વિષય નિષ્ણાંતશ્રીને ઓનલાઇન/ઓફલાઇન બોલાવવા સમિતિ ભલામણ કરે છે. શોધાર્થીઓને ઓફલાઇન બોલાવવા સમિતિ ભલામણ કરે છે.

**મહાનુભાવનું સૂચન-**

૯. બિન-ભારતીય/NRI શોધાર્થીઓ માટે ઓનલાઇન/ઓફલાઇન એમ બંને મોડમાં છ-માસિક પ્રગતિ પ્રતિવેદન સમીક્ષા બેઠકનું (6-Monthly Ph.D. Progress Review Report Meeting) આયોજન કરવા સમિતિ ભલામણ કરે છે.

**અધ્યક્ષશ્રીનું સૂચન-**

૧૦. આગામી Ph.D. Admission પ્રક્રિયામાં રાજ્ય/કેન્દ્ર સરકારના Reservationના નિયમાનુસાર સીટ ફાળવવા ભલામણ છે. UGCની તા. ૨૭-૦૩-૨૦૨૪ની Notice અંતર્ગત 70% weightage will be giren for scores and 30% weightage for the interview અંતર્ગત 30% માંથી 20% Marksની ભાષાદક્ષતા લેખિત પરીક્ષા અને 10% Marksનું interview લઈને કુલ Merit બનાવીને Ph.D. Admissionની પ્રક્રિયા હાથ ધરવા સમિતિ ભલામણ કરે છે. 20% Marksની ભાષાદક્ષતા લેખિત પરીક્ષા આયોજીત કરવાનો ઉદ્દેશ્ય છે કે શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી એક્ટ અનુસાર ભાષાનું માધ્યમ સંસ્કૃત છે. શોધાર્થીઓ Ph.D. Thesis સંસ્કૃત ભાષામાં લખીને અત્રે જમા કરાવે છે. આમ, Ph.D. Admission પૂર્વે શોધાર્થીઓની સંસ્કૃત ભાષાદક્ષતા ચકાસવા 20% Marksની ભાષાદક્ષતા લેખિત પરીક્ષા લેવા ભલામણ છે.

આ બેઠકની કાર્યનોંધને અગ્રિમ AC/ECની બેઠકમાં લઈને તેની બહાલી/મંજૂરી મેળવવા ભલામણ છે. બેઠકના અંતે સંશોધન અધિકારીશ્રીએ તમામ મહાનુભાવોનો આભાર વ્યક્ત કરી બેઠક પૂર્ણ કરેલ હતી.

SHREE SOMNATH SANSKRIT UNIVERSITY VERAVAL

(ડૉ.કાર્તિક પંડ્યા)
સંશોધન અધિકારી